# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 05-09-2024** **Midday : 2.30 to 2.35**

**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

-------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# GOVERNOR TEACHERS AWARD

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના હસ્તે આજે રાષ્ટ્રીય શિક્ષક દિવસ નિમિત્તે રાજ્યના 28 જેટલા શિક્ષકને શ્રેષ્ઠ શિક્ષક તરીકેના પુરસ્કાર એનાયત કરાયા હતા, મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં અમદાવાદના ટાગોર હૉલ ખાતે આ પારિતોષિક એનાયત કરાયા હતા. દરમિયાન શિક્ષણ અને સમાજનું જીવનધોરણ સુધારવા માટે વિશિષ્ટ કામગીરી કરનારા શિક્ષકોનું પણ સન્માન કરાયું હતું.

સન્માન પ્રાપ્ત કરનારા દરેક શિક્ષકને રાજ્યપાલના હસ્તે 51 હજાર રૂપિયાનો પુરસ્કાર તેમ જ પ્રશસ્તિપત્ર એનાયત કરાયા હતા.

# DISTRICT TEACHERS DAY

આજે અંતર્ગત રાજ્યના વિવિધ જીલ્લાઓમાં શ્રેષ્ઠ શિક્ષકને પારિતોષિકિ એનાયત કરવામાં આવી રહ્યાં છે..

રાજ્યકક્ષાના મંત્રી, સાંસદ જશવંતસિંહ ભાંભોરની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમ યોજાયો હતો. જ્યારે દાહોદ જીલ્લામાં પણ શિક્ષકોના સન્માન સમારોહ યોજાયો હતો, જેમાં ઝાલોદનાં બી.આર.સી. કો. કલ્પેશ મુનિયા, સાકરદા પ્રાથમિક શાળાના હરેશ સોડવડિયા સહિતના પાંચ શિક્ષકોને તેમજ શ્રેષ્ઠ વિદ્યાર્થીઓને પારિતોષિક અપાયા હતા..

જ્યારે  નર્મદા જિલ્લા તથા તાલુકા કક્ષાએ શ્રેષ્ઠ શાળામાં શ્રેષ્ઠ કામગીરી કરનારા શિક્ષકોને પારિતોષિક એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા.

જિલ્લા કક્ષાએ શ્રેષ્ઠ શિક્ષક તરીકે પસંદગી પામેલા બે શિક્ષકો પૈકી નાંદોદ તાલુકાની જીઓર પાટી પ્રાથમિક શાળાના શિક્ષિકા પ્રવિણા પાટણવાડિયા અને માધ્યમિક શાળામાં ઉત્કૃષ્ઠ કામગીરી કરનારા દેડિયાપાડા તાલુકાની છેવાડાની ડુમખલ સરકારી માધ્યમિક શાળાના શિક્ષક સુરેન્દ્ર વસાવા,

સુરેશ ધારવિયા અને સુંદર પુરા પ્રા. શાળા દીપ્તિ જાસગરને દ્વિતીય, ગંભીરપુરા શાળાના નેહા રાણા,પાનખલા શિશાના મનહર બારીયાને એવોર્ડ એનાયત કરાયા હતાં..નાંદોદના ધારાસભ્ય દર્શના દેશમુખ પણ ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં. આ ઉપરાંત  લુણાવાડા ખાતે તાલુકા અને જિલ્લા કક્ષાના શ્રેષ્ઠ શિક્ષકોનું સન્માન કરાયું હતું..

## CM- TEACHER'S DAY CONTRIBUTION

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પાંચમી સપ્ટેમ્બર શિક્ષક દિને ગુરૂવર્યોના સમાજ દાયિત્વનો ઋણ સ્વીકાર કરતાં શિક્ષક કલ્યાણ નિધિમાં પોતાનો ફાળો અર્પણ કર્યો હતો. શિક્ષક કલ્યાણનિધિમાં સ્વૈચ્છિક ફાળો લેવા માટે આજે સવારે ગાંધીનગર સ્થિત મુખ્યમંત્રી નિવાસસ્થાને ગાંધીનગરની સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ અને સ્કૂલ ઓફ એચિવર્સનાં બાળકો પહોંચ્યાં હતાં.

મુખ્યમંત્રીએ  પોતાનો ફાળો અર્પણ કરીને ગુરુજનો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી. તેમણે ફાળો લેવા આવેલા શાળાના બાળકો સાથે સંવાદ કરીને શિક્ષકો પ્રત્યેના તેમના આદરભાવનું આદાન-પ્રદાન કર્યું હતું.

## RAIN STATE

આજે સવારે છ વાગ્યાથી બપોરનાં 12 વાગ્યા સુધી 83 તાલુકામાં હળવોથી મધ્યમ વરસાદ પડ્યો છે. મહેસાણાના વિજાપુર અને ગાંધીનગરના માણસા તાલુકામાં ત્રણ ઇંચથી વધુ વરસાદ પડ્યો છે.

અરવલ્લી જિલ્લામાં મોડાસા સહિતના વિસ્તારોમાં મોડી રાત્રે અને વહેલી સવારે શહેરના વિવિધ વિસ્તારોમાં ધોધમાર વરસાદ પડ્યો હતો. સાબરકાંઠા જિલ્લામાં પણ આજે વહેલી સવારથી ધોધમાર વરસાદ વરસી રહ્યો છે.

હવામાન વિભાગે આજે અને આવતીકાલે કચ્છ, બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, અમરેલી, ભાવનગર, સુરત, નવસારી, તાપી, ડાંગ,

વલસાડ જિલ્લા અને કેન્દ્રશાસિત દાદરા અને નગર હવેલીમાં છુટાછવાયા સ્થળોએ ભારે વરસાદની ચેતવણી આપી છે.

માછીમારોને આઠ ઓગસ્ટ સુધી દરિયો નહીં ખેડવાની સૂચના આપવામાં આવી છે. રાજ્યમાં મોસમનો સરેરાશ 119 ટકા વરસાદ પડી ચૂક્યો છે. સૌથી વધુ 183 ટકા વરસાદ કચ્છ ઝોનમાં પડ્યો છે. સૌરાષ્ટ્ર ઝોનમાં 127 ટકા, દક્ષિણ ગુજરાત ઝોનમાં 121 ટકા, પૂર્વ મધ્ય ઝોનમાં 115 ટકા અને ઉત્તર ગુજરાત ઝોનમાં 99 ટકા વરસાદ પડ્યો છે. રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર નર્મદા ડેમમાં કુલ 87 ટકા જળસંગ્રહ થયો છે. રાજ્યનાં કુલ 206 જળાશયોમાંથી 116 જળાશય 100 ટકા, 44 જળાશય 70થી 100 ટકા અને 17 જળાશય 50થી 70 ટકા વચ્ચે ભરાયા છે. 142 જળાશય હાઇ એલર્ટ પર, 10 જળાશય એલર્ટ પર છે.

## JAL SANCHAY ABHIYAN

વરસાદના પાણીના એક એક ટીપાનો ભૂગર્ભમાં સંગ્રહ કરીને ભૂગર્ભ જળ ઉંચા લાવવાના હેતુથી 'જળસંચય જનભાગીદારી અભિયાન'નો આરંભ થયો છે.. આ અંતર્ગત માંડવી તાલુકાના તડકેશ્વર ખાતેથી કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલના હસ્તે સુરત જિલ્લાના ૫૮૭ ગામોમાં ૧૦ કરોડ ૪૩ લાખના ખર્ચે ૨ હજાર ૩૧ જેટલા જળસંચયના કાર્યોનો પ્રારંભ થયો. મંત્રીએ રેઈન વોટર હાર્વેસ્ટિંગના ડિજીટલ મોનિટરીંગ ડેશ બોર્ડનું લોન્ચિંગ પણ કર્યું હતું.

આ પ્રસંગે કેન્દ્રીય જળશક્તિ મંત્રીએ 'જળસંચય અને જનભાગીદારી' હેઠળ જિલ્લાના બિનઉપયોગી અને બંધ ખાનગી ટ્યુબવેલને વરસાદી પાણીથી રિચાર્જ કરી ફરી તે જ પાણીનો ઉપયોગ કરવાનો અનુરોધ કર્યો હતો.

આ અભિયાન અંતર્ગત સમગ્ર રાજ્યમાં ૨ લાખ ૪૮ હજારથી વધુ બોરના કામો હાથ ધરાશે. સુરત જિલ્લામાં ૧ હજાર ૫૦૦ બોરનું કામ ૨૦ દિવસમાં

પૂર્ણ થશે. આ કાર્યમાં સુમુલ ડેરી પણ ૧ હજાર ૨૦૦ બોર રિચાર્જ કરીને અભિયાનમાં જોડાશે. આ ઉપરાંત કડોદરાની ઈન્ડસ્ટ્રીઝ પણ મોટી સંખ્યામાં રિચાર્જિંગના કાર્યમાં જોડાશે.

## NAVSARI- BULLET TRAIN

બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે નવસારી જિલ્લામાં કાવેરી નદી પર પુલનું બાંધકામ પૂર્ણ થયું છે. ગુજરાતમાં બનેલા 20 નદી પુલમાંથી આ 11મો નદી પુલ છે. કાવેરી નદી પર બનેલા આ પુલની લંબાઈ 120 મીટર છે. તેમાં ત્રણ ફુલ સ્પાન ગર્ડરનો સમાવેશ થાય છે. તેના થાંભલાઓની ઊંચાઈ 13 મીટરથી 21 મીટર છે.

આ પુલ વાપી અને બીલીમોરા બુલેટ ટ્રેન સ્ટેશન વચ્ચે છે. કાવેરી નદી, વાપી બુલેટ ટ્રેન સ્ટેશનથી 46 કિ.મી. અને બીલીમોરા બુલેટ ટ્રેન સ્ટેશનથી ચાર કિલોમીટરનાં અંતરે છે. આ બંને સ્ટેશનો વચ્ચે કોલક, પાર અને ઔરંગા નદીઓ પર પુલનું નિર્માણ પણ પૂર્ણ થઈ ગયું છે.